**નવી બાબત ૨૦૨૩-૨૪**
અનુસૂચિત જાતિની આદર્શ નિવાસી શાળાઓ પૈકી ૦૨ આદર્શ નિવાસી શાળાઓમાં ધો.૧૨ નો ક્રમિક વર્ગ શરૂ કરવા બાબત- રૂ.૪૭.૯૦ લાખ

**ગુજરાત સરકાર**
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
**ઠરાવ ક્રમાંક:** SJED/EOE/e-file/17/2023/0039/G
સચિવાલય, ગાંધીનગર
તા.૨૫/૦૪/૨૦૨૩

**વંચાણમાં લીધાં:**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૨/૧૨/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: અનશ-૧૦૨૦૧૯-૬૦૬૭૧૮-નબા-૧૪-ગ

(૨) નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીનો તા.૩૧/૧૨/૨૦૨૨ નો પત્ર ક્રમાંક:-અજાક/ગ-૧/૮(૨)/૨૦૨૨/૨૨૫૦-૫૧

(૩) નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીનો તા.૨૯/૦૩/૨૦૨૩નો પત્ર ક્રમાંક: અજાક/ગ-૧/૨/૨૦૨૨/૧૪૧૯-૧૪૨૦

**આમુખ:**

રાજયમાં અનુસૂચિત જાતિના ધો-૯ થી ૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓને રહેવા, જમવા તથા અભ્યાસની નિ:શુલ્ક સુવિધા મળી રહે તે હેતુથી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા આદર્શ નિવાસી શાળાઓ ચલાવવામાં આવે છે. વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના તા.૨૨/૧૨/૨૦૨૦ના ઠરાવથી ધોરણ- ૯ થી ૧૨ની સામાંન્ય પ્રવાહની આદર્શ નિવાસી શાળાઓમાં પૈકી (૧) આદર્શ નિવાસી શાળા(કુમાર), પાટણ (૨) આદર્શ નિવાસી શાળા(કન્યા), અમરેલી તથા (૩) આદર્શ નિવાસી શાળા(કન્યા), સુરત એમ કુલ ૦૩ આદર્શ નિવાસી શાળાઓ ખાતે ધોરણ-૧૧ નો વર્ગ શરૂ કરવાની રૂ.૭૧.૨૫ લાખની વહીવટી મંજૂરી આપવામાં આવેલ. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના વંચાણે લીધેલ ક્રમાંક:(૨) પરના તા.૩૧/૧૨/૨૦૨૨ ના પત્રથી (૧) આદર્શ નિવાસી શાળા(કુમાર), પાટણ તથા (૨) આદર્શ નિવાસી શાળા(કન્યા), સુરત ખાતે ધોરણ-૧૨ નો ક્રમિક વર્ગ શરૂ કરવા માટેની નવી બાબતનો વર્ષ ૨૦૨૩-૨૪ના

અંદાજપત્રમાં સમાવેશ કરવા દરખાસ્ત કરવામાં આવેલ, જે અન્વયે (૧) આદર્શ નિવાસી શાળા(કુમાર), પાટણ તથા (૨) આદર્શ નિવાસી શાળા(કન્યા), સુરત એમ કુલ ૦૨ આદર્શ નિવાસી શાળાઓ ખાતે ધોરણ–૧૨ નો ક્રમિક વર્ગ શરૂ કરવા માટેની રૂ૪૭.૯૦ લાખની નવી બાબતને વર્ષ ૨૦૨૩–૨૪ ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવતાં, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના વંચાણે લીધેલ ક્રમાંક: (૩) પરના તા.૨૯/૦૩/૨૦૨૩ના પત્રથી (૧) આદર્શ નિવાસી શાળા(કુમાર), પાટણ તથા (૨) આદર્શ નિવાસી શાળા(કન્યા), સુરત એમ કુલ ૦૨ આદર્શ નિવાસી શાળાઓ ખાતે ધોરણ–૧૨ નો ક્રમિક વર્ગ શરૂ કરવા માટેની વર્ષ ૨૦૨૩–૨૪ ની રૂ.૪૭.૯૦ લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ છે, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠ રા વ:**

કાળજીપૂર્વક વિચારણાને અંતે, અનુસૂચિત જાતિ માટેની ધોરણ– ૯ થી ૧૨ની સામાન્ય પ્રવાહની આદર્શ નિવાસી શાળાઓ પૈકી (૧) આદર્શ નિવાસી શાળા(કુમાર), પાટણ તથા (૨) આદર્શ નિવાસી શાળા(કન્યા), સુરત એમ કુલ ૦૨ આદર્શ નિવાસી શાળાઓ ખાતે ધોરણ–૧૨ નો વર્ગ શરૂ કરવાની તેમજ તે માટે મદદનીશ શિક્ષક , વર્ગ–૩ (પગાર ધોરણ–રૂ.૯૩૦૦–૩૪,૮૦૦, ગ્રેડ પે–૪૪૦૦)(માસિક ફિક્સ પગાર રૂ.૩૮૦૯૦/–)ની ૪ નવી જગ્યાઓ ઊભી કરવાની નીચે મુજબની શરતોને આધીન રૂ.૪૭.૯૦ લાખની વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શ ર તો :**

A. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પદ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

B. સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજુરી મળ્યેથી જો સ્થાયી સમિતિની મંજૂરી મેળવવાની થતી હોઇ તો છ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે સા.વ.વિ./નાણા વિભાગ મારફત સ્થાયી સમિતિની મંજુરી મેળવી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

C. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

D. આ જગ્યાઓ પર નિમણૂંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.

E. ઉમેદવાર કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમો અનુસાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

F. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય–ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.

G. જે તે જગ્યાઓના પગાર–ધોરણો આર.ઓ.પી.–૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની રહેશે.

H. વર્ગ–૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

I. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાંવિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈઓ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા. ૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે

J. આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે–તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ વિભાગ મારફતે નાણા સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

K. સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટ સોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચૂક નાણા વિભાગ(કરકસર પ્રભાગ)ની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.

L. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે રાખવાની રહેશે.

M. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

N. ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

O. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ–માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તેમજ વખતોવખત થયેલ સુધારાઓ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી 'ના વાંધા પ્રમાણપત્ર (No